સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

# ગુજરાતે દેશને ચીંધી દિશા

## જ્ઞાતિ-જાતિના ભેદભાવ સિવાય તેજસ્વી વિદ્યાર્થીઓને મળશે સહાય



# મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના

- ગરીબ-મધ્યમ પરિવારોના વિદ્યાર્થીઓને મેરીટના આધારે ઉચ્ચ શિક્ષણમાં ફી ના લાભ મળશે
- ઉચ્ચ શિક્ષણ વિષયક એસ.સી., એસ.ટી. અને બક્ષી પંચ જાતિઓની હયાત યોજનાઓનો લાભ બિન અનામત વિદ્યાર્થીઓને પણ મળતો થશે
- સરકારી નોકરીમાં અત્યાર સુધી બિન અનામત વર્ગના ઉમેદવારની વય મર્યાદા ૨૮ વર્ષની હતી તેમાં ૫ વર્ષનો વધારો કરી 33 વર્ષ કરવામાં આવી જેથી બિન અનામત વર્ગના વય મર્યાદા વટાવી ચુકેલા યુવાનોને લાભ થશે. અન્ય વર્ગોની વય મર્યાદામાં પણ પાંચ વર્ષનો વધારો કરવામાં આવેલ છે
- રાજ્યના દરેક સમાજના લાખો વિદ્યાર્થીઓના સમાન ઉત્કર્ષ માટે રાજ્ય સરકાર દર વર્ષે અંદાજે રૂા.૧૦૦૦ કરોડની સહાય કરશે

## ગતિશીલ ગુજરાતના પ્રણેતા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલની સરકારનો દરેક જ્ઞાતિ-જાતિ સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓના ઉત્કર્ષ માટેનો અભૂતપૂર્વ નિર્ણય

- વાર્ષિક રૂા.૪.૫૦ લાખ આવક ધરાવતા પરિવારના સંતાનો માટે શિક્ષણ, રોજગાર અને સ્વાવલંબન યોજના
- ધો.૧૨માં ૯૦ પર્સેન્ટાઈલ મેળવનાર વિદ્યાર્થીઓ એટલે કે પ્રથમ ૧૦ ટકામાં આવતા અંદાજે ૬૦ થી ૭૦ હજાર વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ અભ્યાસ માટેની ઉદાર સહાય
- સ્વનિર્ભર મેડીકલ કોલેજમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓની ૫૦% ફી રૂા.૨ લાખની મર્યાદામાં રાજ્ય સરકાર તરફથી ભરવામાં આવશે
- રાજ્યના તેજસ્વી વિદ્યાર્થીઓને એમ.બી.બી.એસ.નું શિક્ષણ ગુજરાતમાં જ મળી રહે તે માટે મેડીકલની સીટોમાં આગામી બે વર્ષમાં વધારો કરવામાં આવશે અને હયાત મેડીકલ કોલેજોની સીટોમાં વધારો કરવામાં આવશે તેમજ રાજ્યમાં નવી ત્રણ મેડીકલ કોલેજો સ્થાપવામાં આવશે
- સરકારી મેડીકલ કોલેજોમાં બિન અનામત વર્ગની બેઠકો ઉપર અનામત વર્ગના વિદ્યાર્થીઓ મેરીટના આધારે જેટલી બેઠકો ઉપર પ્રવેશ મેળવશે તે બધી જ બેઠકોના બિન અનામત વર્ગના વિદ્યાર્થીઓને સ્વનિર્ભર કોલેજમાં અભ્યાસ માટે ચૂકવવાની થતી સંપૂર્ણ ફી રાજ્ય સરકાર આપશે
- ડીગ્રી એન્જીનીયરીંગમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની ફી માં દર વર્ષે ૫૦ હજાર રૂપિયા અથવા તેઓને ભરવાની થતી ફી ના ૫૦% રાજ્ય સરકાર આપશે
- ડીપ્લોમા એન્જીનીયરીંગમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને દર વર્ષે રૂા.૨૫ હજારની સહાય આપવામાં આવશે
- પ્રોફેશનલ કોર્ષિસઃ એન્જીનીયરીંગ, ફાર્મસી, આયુર્વેદ, હોમિયોપેથી, નર્સિંગ, ફિઝીયોથેરાપી વગેરે અભ્યાસ માટે પણ ધો.૧૨ બોર્ડની પરીક્ષામાં ૯૦ પર્સન્ટાઈલ એટલે પ્રથમ ૧૦ ટકામાં આવતા અને રૂા.૪.૫૦ લાખની મર્યાદામાં કૌટુંબિક વાર્ષિક આવક ધરાવતા વિદ્યાર્થીઓ માટે કોર્ષની અવધિ દરમિયાન સેલ્ફ ફાઈનાન્સ કોલેજની ફીની ૫૦ ટકા સહાય રૂા.૫૦ હજારની મર્યાદામાં દર વર્ષે આપવામાં આવશે. આમ, ચાર વર્ષના અભ્યાસક્રમોમાં રાજ્ય સરકાર વિદ્યાર્થીદીઠ રૂા.બે લાખ સુધીની ફી સહાય આપશે.
- પોતાના વતનના તાલુકાની બહાર ઉચ્ચ અભ્યાસ કરતા અને સરકારી છાત્રાલયમાં પ્રવેશ ન મળ્યો હોય તેવા વિદ્યાર્થીઓને રહેવા-જમવા માટેની સહાય પેટે દર મહિને રૂા.૧૨૦૦ની ઉચ્ચક રકમ આપવામાં આવશે
- મેડીકલ તથા એન્જીનીયરીંગ કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પુસ્તકો અને સાધનો ખરીદવા માટે મેડીકલના વિદ્યાર્થીઓને રૂા.૧૦ હજાર, એન્જીનીયરીંગના વિદ્યાર્થીઓને રૂા.૫ હજાર તથા ડીપ્લોમાના વિદ્યાર્થીઓને રૂા.3 હજારની સહાય એક વાર આપવામાં આવશે
- બી.એ., બી.કોમ., બી.એસ.સી. અને બી.એડ્ વગેરે અભ્યાસક્રમોમાં પણ વિદ્યાર્થીઓને ભરવાની થતી ફી ના ૫૦ ટકા અથવા દર વર્ષે રૂા.૧૦ હજારની સહાય આપવામાં આવશે
- ધો.૧ થી ૮ પ્રાથમિક વિભાગમાં સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓને અનામત કક્ષાના વિદ્યાર્થીઓની જેમ મફત ગણવેશ, મફત પાઠ્ય પુસ્તકો અને શિષ્યવૃત્તિ આપવામાં આવશે એટલે કે હવે બધી જ જ્ઞાતિના વિદ્યાર્થીઓને આ લાભ મળશે
- ધો.૯ થી ૧૨ (માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક)માં સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓને અનામત કક્ષાના વિદ્યાર્થીઓની જેમ મફત પાઠ્ય પુસ્તકો આપવામાં આવશે
- ભારત સરકારની સેવાઓમાં ગુજરાતના વધુમાં વધુ યુવક-યુવતિઓ જોડાય તે માટે આઈ.એ.એસ., આઈ.પી.એસ., આઈ.આર.એસ., આઈ.એફ.એસ., રેલ્વે, બેન્કીંગની સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે સ્પીપા સંસ્થામાં ૩૪૦ થી વધારીને ૧ હજાર બેઠકો કરવામાં આવશે
- એન્જીનીયરીંગ અને ડિપ્લોમાનો અભ્યાસ પૂર્ણ કરનાર વિદ્યાર્થીઓને ડિગ્રી મળ્યાના ૫ વર્ષમાં તેઓને પોતાનો સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા માટે ભારત સરકારની મુદ્રા યોજનામાંથી રૂા. ૫૦ હજારથી માંડી રૂા. ૧૦ લાખ સુધીની લોન મેળવે તેમને આ લોન ઉપર ભરવાના થતા વ્યાજમાં ૩ વર્ષ સુધી ૫ ટકા વ્યાજ સહાય રાજ્ય સરકાર તરફથી આપવામાં આવશે
- સેલ્ફ ફાયનાન્સ તમામ સંસ્થાઓ પ્રવેશ ફોર્મની કિંમત રાજ્ય સરકાર નક્કી કરે તે રાખશે

સૌનો સાથ...સૌનો વિકાસ...

માહિતી ૨૦૧૫-૧૬ (૨૯)

"યુવા શકિતને વિકાસની શકિત સાથે જોડવાના અનેકવિધ નવા અવસરો પૂરા પાડવામાં આવ્યા છે.'' શ્રીમતી આનંદીબેન પટેલ, મુખ્યમંત્રી

Visit http://www.gujaratinformation.net
www.facebook.com/gujaratinformation.official
www.twitter.com/infogujarat